શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૨૪૬૨૦૭૭-૮૮
જનરલ સર્જરી - લેપ્રોસ્કોપીક (દૂરબીન દ્વારા ઓપરેશન) સર્જીકલ ઓ.પી.ડી.
અનુભવી નિષ્ણાંત જનરલ સર્જરી અને લેપ્રોસ્કોપીક (દૂરબીન દ્વારા) સર્જનની ઓ.પી.ડી. સેવા ઉપલબ્ધ.
ડૉ. સોહીલ સાયકલવાલા : M.S.(Laparoscopy & General Surgeon)
સોમ થી શનિ : સાંજે ૬ થી ૭
મ્હોં - જડબાની સર્જીકલ ઓ.પી.ડી.
* મ્હોં-જડબાને લગતા ઓપરેશન * અકસ્માતથી થતા મ્હોં-જડબાના ફેકચર ઓપરેશન
* જન્મજાત ખોડખાપણની વિકૃતિથી પિડાતા વાંકાચૂકા મ્હોં-જડબા અને ફાટેલા હોઠ
* તાળવા જન્મથી જ મોઢું ન ખુલ્વું * નાક-કાન વાંકાચૂકા હોવા જેવા ઓપરેશનના અનુભવી નિષ્ણાંત સર્જનની સેવા ઉપલબ્ધ.
ડૉ. નેહલ એસ. પટેલ : MDS, Oral & Maxillofacial Surgeon & Implantologist
સોમ અને બુધવાર : બપોરે ૧ થી ૩

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

SUPER SALT BABU BHAI
સુપર સોલ્ટ
(આરોગ્યપ્રદ મીઠું)
સેંધા નમક હોલસેલ ભાવે મળશે
ભોજનમાં શુધ્ધ મીઠાનો ઉપયોગ કરો
શરીર માટે ઉપયોગી સિંધવ મીઠું કઈ રીતે બેસ્ટ છે ?
શ્વસન પ્રક્રિયા માટે | ગર્ભાવસ્થા માટે | માંસપેશીઓ માટે
પાણીની અછત સામે | સ્કીનની સાચવણી માટે | બ્લડપ્રેશર માટે
હોલસેલ ડેપો સુપર સોલ્ટ બેંક ઓફ બરોડા પાસે, પાંડેસરા G.I.D.C. સુરત.
રીટેઈલ કાઉન્ટર ઋષભ ટાવર પાસે,નવયુગ પોસ્ટ ઓફિસની નીચે અડાજણ, સુરત. Call : 98795 06947
દોરીયાવાડ મસ્જિદ પાસે, સલાબતપુરા, સુરત.
વેપારી પૂછપરછ માટે
Call : 91066 97544

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪
GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ અષાઢ સુદ અગિયારસ, રવિવાર ૬ જુલાઇ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૦૭ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# 20 સાલ બાદ: ઉદ્ધવ અને રાજ ઠાકરે ભેગા થયા

**મહારાષ્ટ્રમાં** હિન્દી ભાષા શીખવવાનો પરિપત્ર પાછો ખેંચાયો તેની ઉજવણી માટે વર્લીમાં શિવસેના(યુબીટી) અને મનસેની સંયુક્ત 'વિજય' રેલી યોજાઇ

**ઉદ્ધવે** કહ્યું કે એક થઇને રહેવા માટે ભેગા થયા છીએ, પાલિકાઓની આગામી ચૂંટણીઓ સંયુક્ત રીતે લડવાનો બંનેનો સંકેત



### હા અમે ગુંડા છીએ: ઉદ્ધવ ઠાકરેએ કહ્યું

ભાષા વિવાદ અંગે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જો ન્યાય માટે ગુંડાગીરીની જરૂર હોય તો હા, અમે ગુંડા છીએ. આ પહેલા રાજ ઠાકરેએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે ગુજરાતી હોય કે બીજું કોઈ, મહારાષ્ટ્રમાં રહેતી વ્યક્તિએ મરાઠી ભાષા જાણવી જ જોઈએ. ઉદ્ધવ ઠાકરેએ રાજ ઠાકરેના ભાષણની ખૂબ પ્રશંસા કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે હા અમે ગુંડા છીએ તે નિવેદન સ્પષ્ટપણે મીડિયા અને વિપક્ષની ટીકાના જવાબમાં હતું, જેમાં ઠાકરે જૂથના કાર્યકરો પર મરાઠી નહીં બોલતા ફેરિયાઓ અને દુકાનદારોને થપ્પડો મારવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ઉદ્ધવે કહ્યું છે કે રાજ, હું અને અહીંના બધા લોકો ભાષાકીય ઓળખના પ્રશ્ન પર એક છીએ.

મુંબઇ, તા. ૫ઃ શિવ સેના(યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ આજે કહ્યું હતું કે તેઓ અને મનસેના વડા રાજ ઠાકરે સાથે એક થઈને રહેવા માટે ભેગા થયા છે. આ બંને પિતરાઇ ભાઇઓ બે દાયકા પછી આજે એક મંચ પર ભેગા થયા હતા.

મરાઠી ઓળખના મુદ્દે અને હિન્દી ભાષા લાદવાના મુદ્દે ભેગા થયેલા આ બંને પિતરાઈઓએ મુંબઈના વર્લીમાં એક રેલી પણ યોજી હતી. મહારાષ્ટ્રની ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા શાળાઓમાં હિન્દી ભાષા ફરજિયાત શીખવવાનો પરિપત્ર પાછો ખેંચાયો તેની ઉજવણી કરવા તેમણે વિજય રેલીનું આયોજન કર્યું હતું, જેમાં ઉદ્ધવે સંકેત આપ્યો હતો કે પાલિકાઓની આગામી ચૂંટણીઓ શિવસેના(યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના ભેગા મળીને લડશે. અમે સાથે રહેવા માટે ભેગા થયા છીએ. અમે સાથે મળીને મુંબઈ મહાનગરપાલિકા અને મહારાષ્ટ્રમાં સત્તા કબજે કરીશું એમ તેમણે કહ્યું ત્યારે ખીચોખીચ ભરેલા NSCI ડોમમાંની લોકોની

...અનુસંધાન પાના 11 પર

### જે કામ બાલાસાહેબ ન કરી શક્યા તે ફડણવીસે કરી બતાવ્યું: રાજ ઠાકરેનો કટાક્ષ

ઉદ્ધવ પહેલા પ્રવચન કરનાર રાજ ઠાકરેએ કટાક્ષ કર્યો હતો કે જે કાર્ય બાલ ઠાકરે અને અન્યો નહીં કરી શક્યા તે બે પિતરાઇ ભાઇઓને ભેગા કરવાનું કામ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કરી બતાવ્યું છે. દેખીતી રીતે મહારાષ્ટ્રમાં હિન્દી ફરજિયાત કરવાના ફડણવીસ સરકારના પગલા સંદર્ભમાં તેમણે કહ્યું હતું જે પગલાને કારણે આ બંને ભાઇઓ ભેગા થયા હતા.

### ગુજરાતી હોય કે બીજું કોઇ, કાન નીચે મારો: રાજ ઠાકરેએ કહ્યું

ગુજરાતી હોય કે બીજું કોઈ, અહીં તેમણે મરાઠી જાણવું જ જોઈએ, પરંતુ જો લોકો મરાઠી ન બોલે તો તેને મારવાની કોઈ જરૂર નથી. પરંતુ જો કોઈ નકામા નાટક કરે છે, તો તેના કાનના પડદા નીચે મારો એમ રાજ ઠાકરેએ કહ્યું. તેણે જો કે હુમલાઓના વીડિયો ન બનાવવાની પણ કાર્યકરોને સલાહ આપી હતી.

## હમ સાથ સાથ હૈ!!



બેઉ પિતરાઈઓની સાથે પરિવાર પણ એક થયો... મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેની પત્ની શર્મિલા ઠાકરે, પુત્ર અને પક્ષના નેતા અમિત ઠાકરે અને પુત્રી ઉર્વશી અને શિવસેના (યુ.બી.ટી.)ના વડા ઉદ્ધવ ઠાકરે, પત્ની રશ્મિ ઠાકરે અને પુત્રો આદિત્ય ઠાકરે અને તેજસ ઠાકરે સાથે મુંબઈના વર્લી વિસ્તારમાં 'આવાજ મરાઠા' નામની સંયુક્ત વિજય રેલી દરમિયાન.

# ભારતની પ્રત્યાર્પણની વિનંતી પર નીરવ મોદીના ભાઈ નેહલની અમેરિકામાં ધરપકડ

**અમેરિકામાં** છેતરપિંડીના એક કેસમાં ત્રણ વર્ષની સજા પુરી થયાના બીજા જ દિવસે નેહલને ભારતની વિનંતીના આધારે ફરી કસ્ટડીમાં લેવાયો

**નેહલ** મોદી પંજાબ નેશનલ બેંક સાથે થયેલા રૂ. ૧૩,૦૦૦ કરોડના કથિત કૌભાંડમાં સહઆરોપી છે





નવી દિલ્હી, તા. ૫ (પીટીઆઈ): અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સીબીઆઈની પ્રત્યાર્પણ વિનંતીઓના આધારે અમેરિકી અધિકારીઓએ ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીના નાના ભાઈની ધરપકડ કરી છે.

અમેરિકી અધિકારીઓએ ભારતને જાણ કરી છે કે, નેહલ મોદીને શુક્રવારે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

આ મામલે આગામી સુનાવણીની તારીખ ૧૭ જુલાઈ છે, જ્યારે નેહલ જામીન માંગી શકે છે, પરંતુ યુએસ પ્રોસિક્યુટર્સ દ્વારા તેનો વિરોધ કરવામાં આવશે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ પગલું ઈડી અને સીબીઆઈ દ્વારા સંયુક્ત રીતે રજૂ કરાયેલ પ્રત્યાર્પણ વિનંતી પર લેવામાં આવ્યું છે. સીબીઆઈની વિનંતીના આધારે નેહલ સામે ઈન્ટરપોલે રેડ નોટિસ કાઢી હતી. અમેરિકી પ્રોસિક્યુટર્સ દ્વારા પ્રત્યાર્પણ કાર્યવાહી બે આરોપો પર હાથ ધરવામાં આવી હતી - પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ), ૨૦૦૨ની કલમ ૩ હેઠળ મની લોન્ડરિંગનો એક આરોપ અને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦-બી (ગુનાહિત કાવતરું) અને ૨૦૧ (ગાયબ થવા) હેઠળ ગુનાહિત કાવતરુંનો એક આરોપ. ૪૬ વર્ષીય નેહલ પંજાબ નેશનલ બેંક સાથે જોડાયેલા રૂ. ૧૩,૦૦૦ કરોડના કથિત કૌભાંડમાં આરોપી છે - જે આવા સૌથી મોટા કૌભાંડોમાંનું એક છે. એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે, આ કૌભાંડ બે ભાઈઓ અને તેમના કાકા મેહુલ ચોક્સી દ્વારા આચરવામાં આવ્યું હતું. બેલ્જિયમના એન્ટવર્પમાં જન્મેલા

...અનુસંધાન પાના 11 પર

# ભારતને વોન્ટેડ વ્યક્તિઓનું પ્રત્યાર્પણ કરવામાં પાકિસ્તાનને કોઇ વાંધો નથી: બિલાવલ ભુટ્ટો

**જો કે** ભારત અમુક પ્રક્રિયાઓમાં સહકાર નહીં આપતું હોવાનો પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રીનો દાવો

**હાફીઝ** સઇદ પાકિસ્તાનની કસ્ટડીમાં છે અને મસૂદ અઝહર કદાચ અફઘાનિસ્તાનમાં છે એમ ભુટ્ટોએ કહ્યું

ઈસ્લામાબાદ, તા. ૫(પીટીઆઇ): પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીએ જણાવ્યું છે કે જ્યાં સુધી નવી દિલ્હી પ્રક્રિયામાં સહકાર આપે છે તો તેમના દેશને ભારતને જે વ્યક્તિઓની જરૂર હોય તેમનું પ્રત્યાર્પણ વિશ્વાસ નિર્માણ કરવાના એક પગલા તરીકે કરવામાં વાંધો નથી.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના અધ્યક્ષ એવા બિલાવલે આજે અલ-જઝીરાને આપેલા એક ઈન્ટરવ્યુમાં આ વાત કરી હતી. તેમને જ્યારે લશ્કર-એ-તૈયબાના વડા હાફીઝ સઈદ અને જૈશ-એ-મુહમ્મદના વડા મસૂદ અઝહરના સંભવિત છૂટછાટો અને વિશ્વાસ નિર્માણની ચેષ્ટા તરીકે ભારતને સોંપણી કરવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે આ કહ્યું હતું એમ ડોન અખબારે અહેવાલ આપ્યો હતો. બિલાવલે કહ્યું હતું કે આ વ્યક્તિઓ વિરુદ્ધ પાકિસ્તાનમાં જે કેસો અંગે કામગીરી ચલાવવામાં આવી હતી તે કેસો ત્રાસવાદી ભંડોળો અંગેના હતા. જો કે તેમણે નોંધ્યું હતું કે તેમને સરહદ પારના ત્રાસવાદ અંગે કામ ચલાવવાનું મુશ્કેલ છે કારણ કે ભારત અમુક બાબતોમાં સહકાર આપતું નથી એવો દાવો તેમણે કર્યો હતો.

ભારત કેટલીક ચોક્કસ પાયાની બાબતોનું પાલન કરવાનો ઈન્કાર કરે છે જે દોષિતપણુ પુરવાર કરવા માટે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે તે અગત્યનું છે...આ દેશની અદાલતોમાં પુરાવા રજૂ કરવા માટે ભારતથી લોકો ઉલટ તપાસ માટે આવે અને પોતાની વાત વળતા આક્ષેપોની સામે મૂકે તે જરૂરી છે. જો ભારત આ પ્રક્રિયામાં સાથ આપવા તૈયાર હોય તો મને ખાતરી છે કે લાગતી વળગતી કોઈ પણ વ્યક્તિનું પ્રત્યાર્પણ કરવામાં કોઈ અવરોધ આવશે નહીં એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ત્રાસવાદીઓનો પીછો કરવાની ભારતની પ્રતિજ્ઞા અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી અને આને નવી અસાધારણ બાબત ગણાવી હતી. આ પાકિસ્તાનના હિતો સાચવતુ નથી અને ભારતના હિતો પણ સાચવતું નથી એ મુજબ તેમણે કહ્યું હતું. હાફિઝ સઈદ મુક્ત છે તે હકીકતમાં સાચું નથી; તે પાકિસ્તાન દેશની કસ્ટડીમાં છે, તેમણે જો કે કહ્યું કે ઈસ્લામાબાદ અઝહરની ધરપકડ કરવામાં અસમર્થ રહ્યું છે. અમારું માનવું છે કે તે અફઘાનિસ્તાનમાં છે એમ બિલાવલે કહ્યું. જો અને જ્યારે ભારત સરકાર માહિતી પુરી પાડશે કે તે પાકિસ્તાનની ધરતી પર છે, તો અમને તેની ધરપકડ કરવામાં ખુશી થશે એ મુજબ બિલાવલે કહ્યું હતું.

### તા. ૦૫-૦૭-૨૦૨૫નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | ૫૮.૦૦ મીમી | ૩૭૭ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૧.૬ સે. | ૨૬.૦ સે. | ૮૩% |

